ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# રાજકોટ શહેરના ઓટોમોબાઇલ સહાયક એકમોનું આર્થિક વિશ્લેષણ

**થાનકી પુનિતકુમાર વેણીલાલ**

**એમ.એ.,જીસેટ,**

**અર્થશાસ્ત્ર ભવન,**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટિ, રાજકોટ**

**૧. પ્રસ્તાવના:**

સૌરાષ્ટ્રમાં સૌથી મહત્વના શહેર તરીકે રાજકોટને જોવામાં આવે છે. રાજકોટ શહેરએ વિકસિત શહેર છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો રાજકોટ એટલું જ મહત્વનું સ્થાન ધરાવે છે અને ભૌગોલિક દ્રષ્ટિએ પણ સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લો ખુબજ મહત્વ ધરાવે છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ ઓધોગિક રીતે મહત્વનું સ્થાન ધરાવે છે. રાજકોટ શહેરની આસપાસ મુખ્યત્વે એન્જિનિયરિંગ ઉદ્યોગ, ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગ, ફાઉન્ડ્રી, આઇ.ટી વગેરે જેવા ઉદ્યોગો મોટા પ્રમાણમાં જોવા મળે છે. રાજકોટ શહેરને ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વનું સ્થળ માનવામાં આવે છે.

રાજકોટમાં ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગ માટે પૂરતા પ્રમાણમાં કાચોમાલ, આંતરમાળખાકીય સુવિધાઓ, પૂરતા પ્રમાણમાં કુશળ શ્રમિકો તેમજ પૂરતા પ્રમાણમાં ઔદ્યોગીક વસાહતો વગેરે જેવા પરિબળોને કારણે રાજકોટમાં ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગોનો ખૂબ જ વિકાસ થયો છે.

**૨. ઉત્તરદાતાઓ પાસેથી મળેલી સમગ્ર માહિતીનું વર્ગીકરણ:**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધકે ૬0 ઉત્તરદાતા પસંદ કરવામાં આવ્યા છે. આ ઉત્તરદાતાની સામાન્ય માહિતીના વર્ગીકરણમાં એકમોનું સંસ્થાકીય સ્વરૂપ, એકમનું અંદાજિત ઉત્પાદન, અંદાજિત ખર્ચ, તેમજ તેમના વેચાણ અને તેમના એકમમાં ટેકનોલોજી, હરિફાય તેમજ કાચોમાલ, નિકાસ, કામદારોની સંખ્યા, સરકારીની નીતિઓની અસરો તથા કંપનીનું વાર્ષિક ટર્નઓવર વગેરે જેવા મુદ્દાઓની સામાન્ય માહિતીના એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચિ દ્વારા ઉત્તરદાતાને સંશોધકે જાતે પ્રશ્ન પૂછીને, તેના દ્વારા પ્રાપ્ત થતી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેના પરથી ચોક્કસ તારણો પર ઉતારી આવ્યા છે.

**૩. સંશોધન અભ્યાસના તારણો:**

રાજકોટ જિલ્લો ઔધોગિક રીતે ઘણો વિકસિત જોવા મળે છે. રાજકોટ જિલ્લામાં ઘણા બધા પ્રકારના ઉદ્યોગો આવેલા છે. પરંતુ પ્રસ્તુત સંશોધન અભ્યાસ રાજકોટ શહેરના ઓટોમોબાઇલ સહાયક એકમો પર અભ્યાસ કરવામાં આવેલ. જેમાં ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગોની કુલ સંખ્યા ૩૦૩ છે. જેમાંથી ૬૦ એકમોને નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવ્યા, અને

આ સંશોધન અભ્યાસમાં નિદર્શ એકમો પાસેથી આર્થિક માહિતી મુલાકાત અનુસૂચિ દ્વારા સંશોધકે રૂબરૂ માહિતી એકત્રિત કરવામાં આવી અને તેના પરથી તારણોની સ્પષ્ટતા આ પ્રમાણે છે.

રાજકોટ શહેરના ઓટોમોબાઇલ સહાયક એકમોના આ આર્થિક અભ્યાસમાં નિદર્શ તરીકે પસંદગી પામેલ ઉદ્યોગોનું સંસ્થાકિય સ્વરૂપ એ ત્રણ પ્રકારે જોવા મળે છે. (૧)સ્વતંત્ર્ય : એટલેકે જે પેઢીનો માલિક એક વ્યક્તિ હોય (૨) ભાગીદારી : એટલે કે જેની માલિકી બે કે તેથી વધુ વ્યક્તિઓની હોય (૩) અન્ય : એટલે કે જેની માલિકી એક કરતાં વધારે વ્યક્તિ અથવા સંસ્થાઓની ભાગીદારી હોય. આ રીતે સંશોધકે માહિતી એકત્રિત કરતા તારણ ઉતરી આવે છે કે સૌથી વધુ ઓટોમોબાઇલ સહાયક એકમમાં ભાગીદારી પેઢીઓની સંખ્યા ટકાવારીની દ્રષ્ટિએ ૫૩.૩૩% સૌથી વધુ તથા સ્વતંત્ર્ય એકમોની સંખ્યા ટકાવારીની દ્રષ્ટિએ ૨૮.૩૩% અને અન્ય પેઢીઓની સંખ્યા ૧૮.૩૪%જેટલી છે.

રાજકોટ શહેરના ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલ તમામ એકમો જીએસટી ભરે છે. જીએસટીના નવા નીતિનિયમો અનુસાર ઓછામાં ઓછું ૪૦લાખથી વધુ ટર્નઓવર હોવું જરૂરી છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદગી પામેલ ઉદ્યોગો અલગ અલગ ભાગોનું ઉત્પાદન કરે છે. જેમ કે એન્જીનના ભાગો, ટ્રાન્સમિશન અને સ્ટ્રીગ ભાગો, સસ્પેન્શન અને બ્રેકીંગ ભાગો, સાધનો, ઇલેક્ટ્રિક ભાગો અને અન્ય ભાગો. આ રીતે ઓટોમોબાઇલ સહાયક એકમો અલગ-અલગ ભાગોનું ઉત્પાદન કરે છે .જેમાં એન્જીન તથા સસ્પેન્શન અને બ્રેકિંગ સૌથી વધારે ઉત્પાદન ૨૮.૩૩% ઉદ્યોગો કરે છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલા એકમો પરથી મળતી માહિતી અનુસાર અંદાજિત વાર્ષિક ઉત્પાદન જે કરે છે તેનું વર્ણન સંશોધકે ત્રણ રીતે કર્યું છે.એક ભાગોનું ઉત્પાદનએ હજાર નંગમાં તથા ભાગોનું ઉત્પાદન લાખ નંગમાં અને ટનમાં પણ ઉત્પાદન દર્શાવવામાં આવ્યું છે.

- ૨૬% એકમો એટલેકે ૧૬ એકમો એવા છે કે જે ભાગોનું ઉત્પાદન ૧ હજાર થી ૧ લાખ નંગ સુધી કરે છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

- ૩૨% એકમો એટલેકે ૨૦ એકમો એવા છે કે જે ૧ લાખ થી ૧૫ લાખ નંગ સુધીનું ઉત્પાદન કરે છે.
- ૮% એકમો એટલેકે ૫ એકમો એવા છે કે જે ૧૫ લાખ થી ૪૦ લાખ નંગનું ઉત્પાદન કરે છે.
- ૩૧% એકમો એટલેકે ૧૯ એકમો એવા છે કે જે ટનમાં ઉત્પાદન કરે છે. તેમાં ૨૦ ટનથી માંડીને ૧૪ હજાર ટનનું વાર્ષિક ઉત્પાદન કરે છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોમાંથી મળતી માહિતી અનુસાર અંદાજીત વાર્ષિક વેચાણ જે કરે છે તેનું વર્ણન હજારનંગ તથા લાખ નંગમાં કરવામાં આવ્યું છે. જે આ પ્રમાણે છે.

- ૨૧.૬૫%એકમો એટલે કે ૧૩ એકમો એવા છે કે જે ૧ હજાર થી ૧ લાખનંગનું વાર્ષિક વેચાણ કરે છે.
- ૪૮.૩૨% એકમો એટલેકે ૨૯ એકમો એવા છે કે જે ૧ લાખ થી ૧૫ લાખનંગ સુધીનું વેચાણ કરે છે.
- ૨૯.૯૮% એકમો એટલે ૧૮ એકમો એવા છે કે જે ૧૫ લાખ થી ૪૦ લાખનંગ સુધીનું વેચાણ કરે છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલ એકમોનું વાર્ષિક અંદાજિત ઉત્પાદન ખર્ચ આ પ્રમાણે છે.

- ૧ લાખ થી ૨૫ લાખ સુધી ખર્ચ કરતા એકમો ૧૪ છે, જેનું ટકાવારી પ્રમાણ ૨૩.૩૪% છે.
- ૨૫ લાખ થી ૫૦ લાખનું ખર્ચ કરતા એકમો ૧૪ છે, જેનું ટકાવારી પ્રમાણ ૨૩.૩૪%છે.
- ૫૦ લાખ થી ૧ કરોડ સુધીનું ખર્ચ કરતા ૧૧ એકમો છે, જેનું ટકાવારી પ્રમાણ ૧૮.૩૨%છે.
- ૧ કરોડ થી ૧૦ કરોડ સુધીનું ખર્ચ કરતા ૧૭ એકમો છે, જેનું ટકાવારી પ્રમાણ ૨૮.૩૩%છે.
- ૧૦ કરોડ થી ૨૫ કરોડ સુધીનું ખર્ચ કરતા એકમો ૪ અને તેની ટકાવારી ૬.૬૭% છે.

રાજકોટ શહેરના ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલ એકમોનું વાર્ષિક અંદાજિત ટર્નઓવર આ પ્રમાણે છે.

- ૩૦ લાખ થી ૫૦ લાખનું ટર્નઓવર ધરાવતા એકમો ૪ છે, તેની ટકાવારી ૬.૬૭% છે.
- ૫૦ લાખ થી ૯૯ લાખનું ટર્નઓવર ધરાવતા એકમો ૪ છે, તેની ટકાવારી ૬.૬૭% છે.

- ૧ કરોડ થી ૧૦કરોડનું ટર્નઓવર ધરાવતા એકમો કુલ નિદર્શ માંથી ૩૪ છે, જેની ટકાવારી ૫૬.૬૬% છે.
- ૧૦ કરોડ થી ૨૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા એકમો ૧૮ છે, જેની ટકાવારી ૩૦% છે.

ઉપરોક્ત ઉત્પાદન ખર્ચ અને ટર્નઓવરના આંકડાઓ તપાસતાં એવું સ્પષ્ટ તારણ ઉતરી આવે છે કે ૨૫ લાખ થી ૫૦ લાખનું ઉત્પાદનખર્ચ કરતા એકમો ૧૪ છે અને એટલું ટર્નઓવર ધરાવતા એકમો ૪ છે તો એના પરથી કહી શકાય કે ઉત્પાદન ખર્ચ અને ટર્નઓવરનાં આ ૪ ઉદ્યોગોને તફાવત જાણાતો નથી. ત્યારબાદ ૧ કરોડ થી ૧૦ કરોડનું ખર્ચ કરતા એકમો ૧૭ છે અને જેમાં એટલું જ વાર્ષિક ટર્નઓવર ધરાવતા એકમો ૩૪ છે.એટલેકે આમાં ૧૭ એકમોનું ઉત્પાદનખર્ચ અને ટર્નઓવરમાં તફાવત જાણાતો નથી. એટલે નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોમાં ઘણા બધા ઉદ્યોગો એવા પણ છે જે વાર્ષિક ઉત્પાદન ખર્ચ અને ટર્નઓવરમાં તફાવત નથી માટે વર્તમાન સમયમાં દેશની આર્થિક સ્થિતિ જોઇએતો સ્પષ્ટતા થાય છે કે આ ઉદ્યોગોને મંદીની અસરો પડી હોય તેવુ જણાય છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદગી પામેલા એકમો જીએસટી પહેલા ૪%,૫%,૬%,૧૨%,૧૪%,૧૮% આવા કરવેરા ભરતા હતા. જેમાં સૌથી વધારે એકમો ૧૮% નીઆસપાસ ટેક્સ ભરતા હતા.૫ એકમો એ એવા હતા કે જે ટેક્સ ન ભરતા પરંતુ ૧ જુલાઈ ૨૦૧૭ પછી ભારતમાં ONE TAX ONE NATION એટલે કે જીએસટી લાગુ પડતા તમામ એકમોએ જીએસટીમાં નોધણી કરાવી અને ૧૨% અને ૧૮% જીએસટી ભરે છે.૮૦% એકમો ૧૮% ટેક્સ ભરે છે.બાકીના એકમો ૧૨% ટેક્સ ભરે છે તથા વર્તમાન સ્થિતિમાં ઓટોમોબાઇલ એકમોમાં સમગ્ર દેશમાં આર્થિક સ્થિતિ તપાસતા મંદીનો માહોલ જોવા મળે છે.તેને ધ્યાને લઇ ભારત સરકાર દ્વારા કોર્પોરેટ ટેક્સમાં ૧૦% નો ઘટાડો કર્યો હતો, પરંતુ આ કોર્પોરેટ ટેક્સ ઘટવાથી ઓટોમોબાઇલ સહાયક ક્ષેત્રોમાં કોઈ હકારાત્મક અસર જોવા મળતી નથી.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદગી પામેલા એકમોમાં વધારે પડતી સેમી ઓટોમેટીક તથા માનવ સંચાલિત અને સેમી ઓટોમેટીક ટેકનોલોજી દ્વારા ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરે છે. જેના પરિણામે તેઓ સૌથી વધારે સ્થાનિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય હરિફાઈનો સામનો પણ કરે છે. એવા એકમો ૪૩.૩૪% છે. બાકીના એકમો સ્થાનિક, રાજ્યની અંદરની હરિફાઈનો સામનો કરે છે. આવા એકમોમાં શ્રમની વાત કારી એતો તાલીમી અને અર્ધતાલીમી શ્રમિકોનું પ્રમાણ વધારે જોવા મળે છે.જેનું ટકાવારી પ્રમાણ ૪૫% જેવું છે. ૨૩%

એકમોમાં તાલીમી શ્રમિકો જોવા મળેછે. આમ આ તમામ એકમોમાં કુલ ૩૧૯૦ લોકોને રોજગારી પુરી પાડે છે. અને દર વર્ષે છેલ્લા પાંચ વર્ષની શ્રમિકોની સ્થિતિ તપાસતાં એવું જાણવા મળે છે કે શ્રમિકોની સંખ્યામાં એટલેકે રોજગારીમાં વધારો થાય છે.એવું ૪૮ % એકમોનું માનવું છે બાકી ૪૫% એકમો શ્રમિકોના પ્રમાણમાં છેલ્લાં પાંચ વર્ષમાં ફેરફારો કરેલા નથી.

આ એકમો સ્થાનિક,રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય હરિફાઇનો સામનો કરે છે. વધારે પડતું ટેકનોલોજીથી ઉત્પાદન કરે છે. જે નાના ઉધોગો છે કે જે ભાગોના જોબવર્ક સાથે સંકળાયેલા છે, તેઓ શ્રમિકોની સહાયથી કામ કરે છે. આ રીતે આ એકમો ટેકનોલોજી ચલાવવા અને જોબવર્કમાં સારી રોજગારી પુરી પાડે છે.જેમાં તાલીમી શ્રમિકો અને બિન તાલીમી શ્રમિકો તથા અર્ધ તાલીમ શ્રમિકોને પણ રોજગારી આપવામાં આવે છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોમાં કાચોમાલ સ્થાનિક બજારમાંથી પ્રાપ્ત કરે છે.તથા અન્ય રાજ્યોમાંથી જરૂરિયાત પ્રમાણે મંગાવે છે કે એકંદરે ૮ જેટલા એકમો કાચોમાલ વિદેશથી આયાત કરે છે તથા આ એકમોને મૂડીની જરૂરિયાત ઉભી થાય તો બેન્ક તથા પોતાની બચતોનો સહારો લે છે.જો ઓડરનું પેમેન્ટ્ મોડું થાય તો તે એકમો અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી વધારે પડતી સહારો લેવો પડતો નથી તેવું ૮૮% એકમો માને છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાં નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોમાં થોડા હા અને ના માં પ્રશ્નો પૂછે છે. જેના પરથી એવું સ્પષ્ટ તારણ ઉતરી આવે છે. જે આ મુજબ છે. જેમાં ભાગોનું ઉત્પાદન તથા વેચાણ કેવા બજારમાં કરવામાં આવે છે. તેમા સ્થાનિક બજારમાં વેચાણ કરતા એકમોની ટકાવારી ૯૧% છે અને સ્થાનિક બજારમાં જે એકમો વેચાણ નથી કરતા તેની ટકાવારી ૯% છે. તેવી જ રીતે રાજ્ય કક્ષાના બજારમાં વેચાણ કરતા એકમોની ટકાવારી ૮૬% છે તથા તે રાજ્ય કક્ષાની બજારમાં વેચાણ નથી કરતાં તેની ટકાવારી ૧૪%છે. રાષ્ટ્રીય કક્ષાના બજારમાં વેચાણ કરતા એકમોની ટકાવારી ૫૧% છે અને વેચાણ નથી કરતા તેવા એકમો ૪૯% છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્પાદન થતા ભાગોનું વેચાણ કરતાં ૩૧% એકમો છે અને નથી કરતા એવા ૬૯% એકમો છે.આમ, ૩૧% જેટલા એકમો આંતરરાષ્ટ્રીય કક્ષાના બજાર સાથે સંકળાયેલા જોવા મળે છે.તેઓ યુરોપ, મિડલ ઇષ્ટ,ગલ્ફના દેશો તથા અન્ય દેશોમાં નિકાસ કરે છે. આ નિદર્શના ૧૯ એકમો એ નિકાસ સાથે સંકળાયેલા છે. નિદર્શ એકમો માંથી મળતી માહિતી અનુસાર ૧૮ એકમોને નિકાસમાં કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડતો નથી. માત્ર ૧ એકમને નિકાસમાં

થોડી-ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે. આમ, નિકાસ અને વેચાણમાં તેઓને છેલ્લાં પાંચ વર્ષમાં વધારો થયો છે.બાકીની સ્થિતિ સ્થિર છે.એવું ૮૮% એકમો માને છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાંથી નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોને વેઠવી પડતી મુશ્કેલીની બાબતમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના મળતા ઉત્તરો હા અને ના માં દર્શાવવામાં આવ્યા છે. જેમાં પુછેલી સમસ્યાઓ આ પ્રમાણે છે. જેમાં બેન્કિંગને લગતી સમસ્યા ૨૦% એકમો સામનો કરે છે.૮૦% એકમોને બેન્કિંગની સમસ્યાનો સામનો કરવો પડતો નથી. તેવી જ રીતે ઑર્ડર પ્રાપ્તિમાં ૫૬% એકમોને મુશ્કેલી છે તથા ૪૪% એકમોને ઓર્ડર સહેલાઈથી પ્રાપ્ત થઈ જાય છે. આર્થિક અસ્થિરતા (તેજી-મંદી)વર્તમાનમાં ૮૫% એકમોને મંદીનો સામનો કરવો પડે છે.૧૫% એકમોને મંદીની સમસ્યા જોવા મળતી નથી. કાચામાલની સમસ્યા ૧૨% એકમોમાં જોવા મળી છે.બાકીના ૮૮% એકમોને કાચોમાલ સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

રાજકોટ શહેરમાં ઓટોમોબાઇલ સહાયક એકમોમાંથી નિદર્શ તરીકે પસંદ થયેલા એકમોમાં બજાર વિસ્તરણ અને પ્રોત્સાહનની બાબતે ખાસ કોઈ કર રાહત, નાણાકીય સહાય, માર્કેટીંગડેપોની સુવિધા,સારી ટ્રાન્સપોર્ટની સુવિધા, માળખાકીય સુવિધા,રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય બરાબરી તથા મેળાઓમાં ભાગ લેવા માટે સહાય અને પ્રોત્સાહનની બાબતમાં કોઈ સારી સુવિધા આપવામાં આવતી નથી તેવું મોટા ભાગના એકમોમાં જોવા મળે છે. સાથે સાથે સબસીડીની કોઇ વ્યવસ્થા સરકારશ્રી દ્વારા કરવામાં આવતી નથી. જો આ સહાય આપવામાં આવેતો આ એકમોને રક્ષણ મળી શકે.

ઓટોમોબાઇલ સહાયક એકમોમાં સરકારની નીતિઓ જેવીકે જીએસટી,શ્રમ કાયદાઓ, નિકાસ સબંધી તથા સમગ્ર દ્રષ્ટીએ જોતાં સરકારનું વલણ સાનુકૂળ છે તેવું મોટાભાગના ઉદ્યોગપતિઓ માને છે.

**૪. ઉપસંહાર:**

ઓટોમોબાઇલ સહાયક એકમોમાં ઉત્પાદનની પ્રક્રિયાઓ, ઉત્પાદન ખર્ચ, ઉત્પાદન વેચાણ તથા જીએસટીની અસરો તેમજ આ એકમને સામનો કરવી પડતી હરીફાઈઓ, એકમોમાં જોવા મળતા શ્રમિકોના પ્રકાર, આ ક્ષેત્રમાં રોજગારીનો ફાળો વગેરે બાબતોની તપાસ કરવામાં આવી છે. આ ક્ષેત્રમાં સરકારની નીતિઓની હકારાત્મક અસર જોવા મળે છે. આ ક્ષેત્રને સામનો કરવી પડતી

સમસ્યાઓ પણ અનેક જોવા મળે છે.આવી અનેક બાબતો વિશે વિગતવાર માહિતી ઉપર મુજબ દર્શાવવામાં આવ્યું છે.